| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૩૧/૧૨/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૯૩ વ્યક્તિઓને ઝડપી, ૨૮૭ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૯૨૫/૨૦૨૪

**સેટેલાઈટઃ** સેટેલાઈટ જોધપુર ગામ પ્રેરણાતીર્થ રોડ ચન્દ્રેશ્વર એપાર્ટમેન્ટ ખાતે રહેતી મહીલાએ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી શ્રીકાંતભાઈ અશોકભાઈ બ્રહભટ્ટ (રહે. કોપર સ્ટોન બાગબાન પાર્ટી પ્લોટની બાજુમા શિલજ ફાટક રોડ થલતેજ) મહીલાના ઘરે આવી છ મહીનામાં રોકાણ કરવાથી નફો કરાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી તા.૨૪/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મહિલા પાસેથી રૂપિયા ૧૫,૬૨,૦૦૦/- મેળવી લઈ આજદીન સુધી નફો કે આપેલ પૈસા પરત નહી આપી મહીલા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.રાજપુત ચલાવે છે.

**સાયબર ક્રાઇમ**: પાર્થકુમાર અંબાલાલ પટેલ (ઉ.વ.૨૮) (રહે. સરદારપાર્ક રવિદર્શન એપાર્ટમેન્ટ પાસે ઠકકરબાપાનગર રોડ) એ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૮૮૨૨૦૩૭૬૨૧ ના ધારકે પાર્થકુમાર પટેલને ફોન કરી ઘરે બેસી પૈસા કમાવવાની લાલચ આપી તા.૨૨/૦૭/૨૦૨૪ થી તા.૨૧/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન https://shippit-data.com લીંક તથા ઇન્વીટેશન કાર્ડ YNITS3 મોકલી ગૃપમા જોઈન્ટ કરી વિશ્વાસમાં લઈ બનાવટી એપ્લીકેશનમા રેટીંગ સબમીટ કરવાના બહાના હેઠળ પાર્થકુમાર પાસેથી અલગ-અલગ બેન્ક ખાતામાં રૂપિયા ૧૫,૬૪,૮૧૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.નકુમ ચલાવે છે.

**નિકોલ**: વસંતભાઇ સ/ઓ બળદેવભાઇ મિસ્ત્રી ઉ.વ.૫૦ ધંધો.ફેબ્રીકેશન રહે. મ.નં.બી ૪૩ ગાંધી પાર્ક સોસાયટી વિરાટનગર પોસ્ટ ખોડીયારનગર) એ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ સત્યમ પ્લાઝા ડાયનેસ્ટી હોટલની સામે રસપાનથી ડી માર્ટ રોડ જય અંબે એબ્રોડ પ્રા.લી.એજન્સી ઓફિસ નંબર-એસ ૧૨ ૧૩ ખાતે આરોપી (૧) જય અંબે એબ્રોડ પ્રાઈવેટ લીમીટેડના વહીવટ કરતા પ્રવિણભાઇ કેશુભાઈ ગજેરા (૨) શિતલબહેન અશોકભાઈ લુખી (૩) ઔશીત લુખી અને (૪) યશ ગજેરા નાઓએ ભેગા મળી વસંતભાઈ મિસ્ત્રીના પુત્ર તથા તેમના ભત્રીજા નાઓને એમ.બી.બી.એસ.ના અભ્યાસ અર્થે ફિલિપાઇન્સ દેશ પ્રેક્ટીસ માટેનુ લાયસન્સ ભારતમાં માન્ય ન હોવાનું જાણતા હોવા છતાં ફિલીપાઇન્સ LYCEUM-NORTHWESTERN UNIVERSITY (ડગુપાન સીટી લાયસેમ નોર્થવેસ્ટ યુનિર્વસીટી) ખાતે આરોપીઓએ ખોટુ ફી સ્ટ્રકચર રજુ કરી વસંતભાઈ પાસેથી કુલ રૂપિયા ૨૭,૧૮,૦૦૦/- મેળવી લઇ નકલી ટીકીટ તથા અલગ-અલગ બે ઓફર લેટર આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૬/૨૦૨૪</u>**

**એલીસબ્રીજ**: પંકજકુમાર રામનંદ સાહુ (ઉ.વ.૨૯) (રહે. નવાબજાર મહારાજ ગલી બિહાર) નાઓ તા.૩૦/૧૨/૨૦૨૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ માદલપુર ગરનાળા પાસે હોટલ વેસ્ટન બહાર ઝાડ નીચે ઉભા હતા દરમ્યાન તેમની ઉપર ઝાડ પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એસવીપી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બટુકસિંહ કાભઇભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી